# AMNS ટાઉનશીપમાં 4થી 18 ફેબ્રુઆરી સુધી ભવ્ય ફ્લાવર શોનું આયોજન






■ દર વર્ષની પરંપરા મુજબ આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયાની હજીરા એડમિન ટીમ દ્વારા એએમએનએસ ટાઉનશીપ, હજીરા ખાતે ફરી એકવાર ભવ્ય ફલાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફલાવર શો 04 ફેબ્રુઆરીથી 18 ફેબ્રુઆરી, 2026 સુધી યોજાશે. ટાઉનશીપ ખાતે આવેલા તાડ ઝુલા વિસ્તારમાં આશરે 2 એકરમાં ફેલાયેલા આ પ્રદર્શનમાં મેરીગોલ્ડ, પિટુનિયા, ડાયનાપાથ, ગજેનિયા, ગેરેનિયમ, કેલેન્ડુલા, સાલ્વિયા, સેલોસિયા, જીનિયા સહિત 21 જાતના ફૂલ-છોડોનું સુવ્યવસ્થિત વાવેતર કરવામાં આવ્યું છે. રાત્રિના સમયે કરાયેલી આકર્ષક લાઇટિંગના કારણે ફલાવર શો ગાર્ડન ઝગમગતું “ગ્લો ગાર્ડન” બની જાય છે. મુલાકાતીઓ માટે ટ્રાયબલ પરંપરાગત નૃત્ય, બુકે બનાવવાની સ્પર્ધા તેમજ ઔષધિય છોડ અને કિચન ગાર્ડન તૈયાર કરવા અંગેના માર્ગદર્શન સત્રોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. (ત.: હેમંત)

# સ્વચ્છતાના મુદ્દે મ્યુનિ.કમિ. નો લોકો સાથે સીધો સંપર્ક શરૂ

**રાંદેર** ઝોનમાં કમિ. ની સોસાયટી પ્રમુખો-એનજીઓ સાથે સંવાદ સાથે ભાગીદારી વધારવા અપીલ

સુરતઃ નવનિયુક્ત મ્યુનિ. કમિ. એમ. નાગરાજને શહેરના વિવિધ ઝોનમાં મેદાની મુલાકાતોની શ્રેણી શરૂ કરી છે.તેના ભાગરૂપે આજે રાંદેર ઝોનની મુલાકાત દરમિયાન તેમણે વિવિધ સોસાયટીઓના વેલફેર એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને શહેરને સ્વચ્છ અને સુવ્યવસ્થિત રાખવા માટે નાગરિકોની ભાગીદારી અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું.

કમિશનરે ખાસ કરીને ઘરોમાં કચરાનું સેગ્રેગેશન સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ દરમિયાન સ્વચ્છતા અભિયાનની કામગીરીનું ડેમો રજૂ કરવામાં આવ્યું હતું, જે કમિશનરે નિહાળ્યું હતું. કમિશનરે પાલ લેક ગાર્ડન પાસે આવેલા પે એન્ડ યુઝ ટોઇલેટની પણ મુલાકાત લઈ સુવિધાની સ્થિતિ અંગે કેરટેકર સાથે ચર્ચા કરી અને સ્વચ્છતા જાળવવા સૂચનાઓ આપી હતી. કમિશનરના આ જનસંવાદને કારણે નાગરિકોમાં સકારાત્મક સંદેશ ગયો હતો.

### મનપાની નવી પહેલ ‘સૂકો શનિવાર’: દર શનિવારે સૂકા કચરા માટે ખાસ વાહનો મુકાશે

શહેરીજનોમાં ઘરેથી જ ભીના અને સૂકા કચરાનું સેગ્રેગેશન કરવાની ટેવ વિકસે તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા ‘સૂકો શનિવાર’ નામે નવી ઝુંબેશ શરૂ કરવામાં આવી રહી છે. આ અભિયાન હેઠળ દર શનિવારે સૂકા કચરાના એકત્રીકરણ માટે અલગથી વ્યવસ્થા કરવામાં આવશે. પ્લાસ્ટિક વેસ્ટ કલેકશનના ઇજારદારને સૂકા શનિવાર અંતર્ગત જવાબદારી સોંપવામાં આવશે અને તેઓ દ્વારા ખાસ વાહનો મારફતે સોસાયટી અને એપાર્ટમેન્ટોમાંથી સૂકો કચરો એકત્રિત કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં શહેરની હાઇરાઇઝ અને મોટી રહેણાંક સોસાયટીઓને પ્રાથમિકતા આપવામાં આવશે. ત્યારબાદ સમગ્ર શહેરમાં આ અભિયાનનો વિસ્તાર કરવામાં આવશે. ડોર-ટુ-ડોર ભીના કચરાની સેવા યથાવત રહેશે.

# સ્વચ્છતામાં અવ્વલ સુરતના લિંબાયતમાં ગંદકીનું સામ્રાજ્ય

**એક** તરફ સત્તાધીશોના સ્વચ્છતાના દાવા અને બીજી તરફ કોયલી ખાડીમાં ખદબદતો ટેક્સટાઇલ વેસ્ટ, સ્થાનિકો માટે જીવલેણ



સુરતઃ સમગ્ર દેશમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ એકથી ત્રણમાં સ્થાન પામનાર સુરત મહાનગરપાલિકાના કહેવાતા સ્માર્ટ સિટીના દાવાઓની પોલ હવે ખુલ્લી પડી રહી છે. કમિશનર દરરોજ સ્વચ્છતાના નામે વિસ્તારોમાં રાઉન્ડ લેતા હોય, તે જ શહેરના લિંબાયત ઝોનમાં આવતા ઉમરવાડા-ભાઠેના વિસ્તારમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. ટી.પી. સ્કીમ નં. 7 (આંજણા) માંથી પસાર થતી કોયલી ખાડીમાં આસપાસની કાપડ માર્કેટોનો ટેક્સટાઈલ વેસ્ટ એટલી હદે જામી ગયો છે કે ખાડી ગંદા નાળામાં પરિવર્તિત થઈ ગઈ છે. કોયલી ખાડીમાં જામી પડેલા કાપડના વેસ્ટ અને ગંદા પાણીના કારણે આ વિસ્તારમાં મચ્છર અને અન્ય ઝેરી જીવાતનો ત્રાસ અસહ્ય હદે વધી ગયો છે. ઉમરવાડા-ભાઠેના વિસ્તારમાં વસતા આશરે 50,000 થી વધુ શ્રમિકો અને ગરીબ પરિવારોનું આરોગ્ય હાલ જોખમમાં મુકાયું છે. છતાં સ્માર્ટ સિટીનું તંત્ર જાણે કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ જણાય છે. માત્ર ફોટોગ્રાફી અને પ્રસિદ્ધિ માટે રાઉન્ડ લેતાં અધિકારીઓને આ ગંભીર ગંદકી કેમ દેખાતી નથી, તેવો વેધક સવાલ સ્થાનિકો ઊઠાવી રહ્યા છે.

## 25 ફેબ્રુઆરી બાદ ડુમસ સી-ફેસ ખુલ્લો મુકાય તેવી શક્યતા

સુરતઃ સુરત મનપાનો મહત્વાકાંક્ષી ‘ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ’ હવે સાકાર થવા જ રહ્યો છે. ઝોન-1 હેઠળના પેકેજ-1 અને 2ની કામગીરી લગભગ પૂર્ણ થઈ ગઈ છે અને 25 ફેબ્રુઆરી બાદ તેને જાહેર જનતા માટે ખુલ્લું મુકવાની તૈયારીઓ તેજ બની છે. પ્રોજેક્ટ શરૂ થયા પછી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા વચ્ચે ટ્રાફિક વ્યવસ્થાને પ્રાથમિકતા આપવામાં આવી છે. મેયરે તાજેતરની મુલાકાત દરમિયાન દરિયા ગણેશ મંદિર તરફ જતાં માર્ગને પહોળો કરવાની સૂચના આપી છે, જેથી રવિવાર અને તહેવારોની ભીડમાં વાહનચાલનમાં અવરોધ ન સર્જાય. હાલ લાઈટિંગ અને ફિનિશિંગનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે.

# ઘરેથી કહ્યા વિના ભાગેલા સુરતનાં 5 બાળક દહાણુ સ્ટેશને મળ્યાં

**ડિંડોલીના** બે છોકરાં અને ત્રણ છોકરી પશ્ચિમ એક્સપ્રેસમાં ચઢી ગયાં

**ટિકિટ** ચેકિંગ ટીમની બાજનજર અને પૂછપરછમાં ભાંડો ફૂટ્યો, બાળકોને પરિવારને સોંપાયાં

સુરતઃ સુરત શહેરના ડિંડોલી વિસ્તારમાંથી શાળાએ જવાનું કહીને ઘરેથી ભાગેલા પાંચ બાળક (બે છોકરા અને ત્રણ છોકરી) મહારાષ્ટ્રના દહાણુ રોડ સ્ટેશન પરથી હેમખેમ મળી આવ્યા હતા. રેલવેના ટિકિટ ચેકિંગ સ્ટાફની તત્પરતા અને સમયસૂચકતા ને કારણે આ બાળકો કોઈ ગંભીર અઘટિત ઘટનાનો શિકાર બનતા બચી ગયા છે.

ગત 9 ફેબ્રુઆરી, 2026 ના રોજ ટ્રેન નંબર 12926 પશ્ચિમ સુપરફાસ્ટ એક્સપ્રેસ બપોરે 12:30 કલાકે દહાણુ સ્ટેશન પર આવી પહોંચી હતી. પ્લેટફોર્મ નંબર 2/3 પર નિયમિત ચેકિંગમાં વ્યસ્ત ચીફ ટિકિટ ઈન્સ્પેક્ટર (CTI) પ્રમોદ શ્રીવાસ્તવની નજર પાંચ બાળકો પર પડી હતી. તેમણે પાસે જઈને ટિકિટ માંગતા બાળકો પાસે કોઈ પણ પ્રકારની ટિકિટ મળી આવી નહોતી. રેલવે સ્ટાફ દ્વારા જ્યારે બાળકોની કડકાઈથી પૂછપરછ કરવામાં આવી, ત્યારે તેઓ સતત નિવેદનો બદલતા રહ્યા હતા. બે છોકરાએ પોતે મજૂર હોવાનું જણાવ્યું, તો ત્રણ છોકરીઓએ વિદ્યાર્થીઓ હોવાનું કહી અલગ વાત કરી હતી. તેમને તાત્કાલિક સ્ટેશન માસ્ટરની ઓફિસમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાં આખરે 13 વર્ષની એક સગીરાએ હકીકત જણાવી હતી કે તેઓ સુરતના ડિંડોલી વિસ્તારના રહેવાસી છે અને ઘરેથી કહ્યા વગર ભાગીને આવ્યા છે. દહાણુ રેલવે સ્ટાફે તુરંત GRP ને જાણ કરી હતી. બાળકો પાસે મળેલા મોબાઈલ નંબર દ્વારા સંપર્ક કરતાં જાણવા મળ્યું કે સુરતના ડિંડોલી પોલીસ સ્ટેશનમાં પરિવારજનો બાળકો ગુમ થયાની ફરિયાદ નોંધાવવા પહોંચ્યા જ હતા. સુરત પોલીસની એક ટીમ તાત્કાલિક દહાણુ જવા રવાના થઈ હતી અને જરૂરી કાયદાકીય પ્રક્રિયા બાદ બાળકોને સુરક્ષિત રીતે તેમના વાલીઓને સોંપવામાં આવ્યા હતા.

# ઉદ્‌ઘાટનના મોહમાં શાળાનાં બાળકોનું ભાવિ જોખમમાં

**વેલંજામાં** નવી શાળા તૈયાર હોવા છતાં વિદ્યાર્થીઓ જર્જરિત મકાનમાં ભણવા મજબૂર

સુરતઃ સુરતના વેલંજા વિસ્તારમાં શાસકોની પ્રસિદ્ધિની ભૂખને કારણે ગરીબ બાળકોને તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યાં સરકાર દ્વારા લાખોના ખર્ચે શાળાનું નવું મકાન તૈયાર કરી દેવાયું હોવા છતાં માત્ર નેતાઓના હાથે લોકાર્પણ બાકી હોવાથી બાળકોને જૂના અને જર્જરિત મકાનમાં જીવના જોખમે ભણવું પડી રહ્યું છે.

શિક્ષણ સમિતિના વિપક્ષી સભ્ય રાકેશ હિરપરાએ આ મામલે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, નવા મકાન માટે અત્યાર સુધીમાં ત્રણ-ત્રણ વખત ઉદઘાટનની તારીખો જાહેર થઈ હોવા છતાં તે રદ કરવામાં આવી છે. હાલ આ શાળામાં 1000થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, પરંતુ જગ્યાના અભાવે ધોરણ 1થી 5ના 639 બાળકને બપોરની પાળીમાં અને ધોરણ 6થી 8ના 397 બાળકને સવારની પાળીમાં બોલાવવામાં આવે છે. પૂરતી જગ્યા ન હોવાને કારણે બાળકોને અત્યંત ગીચતામાં બેસવું પડે છે અને ગરમીમાં ખુલ્લામાં બેસીને પરીક્ષાઓ આપવા જેવી દયનીય સ્થિતિ ઊભી થઈ છે.

શાળાના જર્જરિત મકાનને કારણે કોઈ મોટી દુર્ઘટના સર્જાશે તો તેની જવાબદારી કોની રહેશે તેવો સવાલ પણ વાલીઓ દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે. સોશિયલ મીડિયામાં પણ આ મામલે બાળકોની હાલાકીના વિડીયો વાયરલ થતાં ભારે વિવાદ વકર્યો છે.

**ગૌરવ** | દેશ અને દુનિયાનાં તમામ શિવમંદિરોમાં સુરતના કાપડથી શણગાર

# મહાશિવરાત્રિએ સાધુઓ સુરતનો ખેસ પહેરે છે

**આ** મહાશિવરાત્રિ પૂર્વે શિવ આરાધના માટેનાં વસ્ત્રોની ભારે ડિમાન્ડ રહી છે

સુરત : 15મી ફેબ્રુઆરીએ મહાશિવરાત્રિ નિમિત્તે ભારતના પ્રસિદ્ધ શિવ મંદિરોમાં સુરતમાં બનેલા વેલ્વેટ, જેકાર્ડના વસ્ત્રો જાય છે. સુરતના કાપડના વેપારી હરીશ લાલવાણીએ બનાવેલા ભગવાનના વસ્ત્રો ઉજ્જૈનના મહાકાલ મંદિર સહિતના મંદિરોમાં જાય છે.

ભારતના પ્રસિદ્ધ ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિર, કાશી વિશ્વનાથ મંદિર, જૂનાગઢનું ભવનાથ મંદિર, હિમાચલ પ્રદેશનું ભૂતનાથ મંદિર, અને અન્ય મુખ્ય જ્યોતિર્લિંગોમાં ભવ્ય શણગાર અને વસ્ત્રો ધરાવવામાં આવે છે. આ મંદિરોમાં મહાશિવરાત્રી નિમિત્તે ભગવાન શિવને નવા વસ્ત્રો અર્પણ કરી દિવ્ય શણગાર કરવામાં આવે છે, જે ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે.

હરીશ લાલવાણી કહે છે કે, શંકર ભગવાનના વસ્ત્રોમાં શેરની ખાલવાળું ચિત્તા પ્રિન્ટ સુરતમાં વેલ્વેટમાં બનાવવામાં આવે છે. દેશમાં મોટાભાગના સાધુઓ ‘મહાકાલ’ લખેલા વસ્ત્રો પહેરે છે. એ સુરતમાં વેલ્વેટમાંથી તૈયાર થાય છે. આ શિવરાત્રી પૂર્વે મહાકાલ વસ્ત્રોની ભારે ડિમાન્ડ રહી છે. એ ઉપરાંત ઓમ નમઃ શિવાય લખેલા વસ્ત્રો, અને જેકાર્ડ કાપડમાંથી બનેલા ધાર્મિક વસ્ત્રોની સારી ડિમાન્ડ રહી છે. ઉત્તર ભારતમાં મહાશિવરાત્રિએ ઠંડીનું વાતાવરણ રહેતું હોવાથી ત્યાં વેલ્વેટ જેવું જાડું કપડું જાય છે.

મહાશિવરાત્રિના પવિત્ર અવસરે ભારતના મુખ્ય શિવ મંદિરોમાં ભગવાન શિવને વિશેષ વસ્ત્રો, ભાંગ, ચંદન અને આભૂષણોથી સજાવવામાં આવે છે. ઉજ્જૈનનું મહાકાલેશ્વર મંદિર, કાશી વિશ્વનાથ મંદિર, જૂનાગઢનું ભવનાથ મંદિર, હિમાચલ પ્રદેશનું ભૂતનાથ મંદિર, અને અન્ય મુખ્ય જ્યોતિર્લિંગોમાં ભવ્ય શણગાર અને વસ્ત્રો ધરાવવામાં આવે છે. ઉજ્જૈન (મધ્યપ્રદેશ) ના મહાકાલેશ્વર મંદિરમાં ભસ્મ આરતી અને ત્યારબાદ ભગવાનને દિવ્ય વસ્ત્રો, ભાંગ અને સૂકા ફળોથી શણગારવામાં આવે છે, જે રાજાની જેમ શણગારાય છે. જૂનાગઢ (ગુજરાત) ના ભવનાથ મહાદેવ ખાતે મહાશિવરાત્રી મેળામાં શિવને વિશેષ વસ્ત્રો અને પૂજા



સામગ્રી અર્પણ કરવામાં આવે છે, જ્યાં મૃગી કુંડમાં સ્નાનનું મહત્વ છે.

કાશી (વારાણસી) વિશ્વનાથ મંદિરમાં અહીં મહાશિવરાત્રી પર વિશેષ દરબાર ભરાય છે અને મહાદેવને અલૌકિક વસ્ત્રો-શણગાર કરવામાં આવે છે. હિમાચલ પ્રદેશના મંડી શહેરમાં ભૂતનાથ મંદિરમાં મહાશિવરાત્રિનો ઉત્સવ ખૂબ જ પ્રખ્યાત છે. ઓડિશાના વિવિધ શિવ મંદિરોમાં મહાશિવરાત્રી પર અહી ‘મહાદીપ’ ચઢાવવામાં આવે છે અને ભગવાનને શણગારવામાં આવે છે.

## કતારગામમાં 5 વર્ષીય બાળકીનું ન્યૂમોનિયામાં મોત

સુરતઃ કતારગામમાં 5 વર્ષીય બાળકીનું ન્યૂમોનિયામાં મોત નીપજ્યું હતું.

મૂળ રાજસ્થાન જાલોરના વતની નરપતસિંહ કુંવર હાલ કતારગામ વિસ્તારમાં આવેલા પારસ એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહે છે. તે ચાની લારી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. નરપતસિંહના સંતાન પૈકી પૂજા (ઉ.વ.5)ને છેલ્લા અઠવાડિયાથી તાવ, શરદી ખાંસી થઈ હતી તેમજ કાલે તેના શરીર પર ચાંદા પડ્યા બાદ તેની તબિયત લથડતાં પરિવારજનો તેને 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. બાળકીની તબિયત બગડતા તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી જ્યાં તેને ન્યૂમોનિયા હોવાનું નિદાન થયું હોવાનું પિતાએ જણાવ્યું હતું.

# સંક્ષિપ્ત સમાચાર

## તાલ ગ્રુપ અને અન્યો દ્વારા તા.13-14ના રોજ ફોક ખાટ્સ અને ડાન્સ ફેસ્ટિવલ થશે

સુરતઃ તાલ ગ્રુપ અને CIOFF India દ્વારા. SMCના સહયોગથી આગામી તા.૧૩-૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ સુરતના સાયન્સ સેન્ટરમાં ‘નાયિકા - 5.0 * RANGINI’ ફોક ખાટ્સ અને ડાન્સ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.13મીના રોજ સવારે 10 કલાકે ઉદ્દઘાટન થશે, 11 કલાકે યુવા કલાકારોનું ડાન્સ પર્ફોર્મન્સ, 10થી 5 કલાક દરમિયાન ફોલ્ક આર્ટ વર્કશોપ્સ, 4 થી 5 કલાક આર્ટ ઓફ આર્કિટેક્ચર, 5થી 6 ગરબા વર્કશોપ અને સાંજે 6થી 8 દરમિયાન શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ થશે. જ્યારે તા.14મીએ સવારે 1 કલાકે મીટ એન્ડ ગ્રીટ, 10થી 4 કલાક સુધી ફોલ્ક આર્ટ વર્કશોપ્સ, સાંજે 4 કલાકે નાયિકા અને રંગીની પરેડ અને સાંજે 6થી 9 કલાક દરમિયાન નાયિકા અને રંગનીનો મુખ્ય કાર્યક્રમ થશે.

## જૈનમ ગ્રુપ દ્વારા સુરતમાં 13-14 ફેબ્રુ.એ ઇન્ડિયન ઓપ્શન્સ કોન્ક્લેવ 7.0 યોજાશે

સુરતઃ રોકાણ અને ડેરિવેટિવ્ઝ બજાર સાથે જોડાયેલા રિટેલ ટ્રેડર્સ અને રોકાણકારો માટે જૈનમ બ્રોકિંગ લિમિટેડ દ્વારા તા.13-14 ફેબ્રુઆરી-2026ના રોજ સુરતના CIECC ખાતે ઇન્ડિયન ઓપ્શન્સ કોન્ક્લેવ (IOC) 7.0નું આયોજન કરવામાં આવશે. આ સંસ્કરણ “Evolve” થિમ પર આધારિત છે. આયોજક મિલન પરિખના જણાવ્યા મુજબ આ વખતે 20 હજારથી વધુ રજિસ્ટ્રેશન પ્રાપ્ત થયાં છે અને બેદિવસીય કાર્યક્રમમાં 10 હજારથી વધુ મુલાકાતી હાજર રહેવાની સંભાવના છે. 25થી વધુ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ભાગીદારી નોંધાઈ છે, જેમાં મેટ્રો શહેરો ઉપરાંત ટિયર-2 અને ટિયર-3 શહેરોની હાજરી નોંધપાત્ર છે. કુલ રજિસ્ટ્રેશનમાં મહિલાઓનો હિસ્સો 15 ટકા કરતાં વધુ છે. કોન્ક્લેવમાં 50થી વધુ નિષ્ણાત વક્તાઓ અને લાઇવ ટ્રેડર્સ સત્રો લેશે. જ્યારે 70થી વધુ પ્રદર્શકો ફિનટેક, ટ્રેડિંગ પ્લેટફોર્મ અને નાણાકીય સેવાઓ સંબંધિત નવીન ઉકેલો રજૂ કરશે.

## રાંદેરના ભવાનીશંકર મહાદેવ મંદિરે મહાશિવરાત્રિ મહોત્સવ ધામધૂમથી ઉજવાશે

સુરતઃ સુરતના રાંદેર વિસ્તારના તાપી તટે આવેલા 400 વર્ષ પ્રાચીન ભવાનીશંકર મહાદેવ મંદિર ખાતે રવિવાર તા. 15 ફેબ્રુઆરીના રોજ મહાશિવરાત્રી મહોત્સવ ઉજવાશે. સવારે 8-00 કલાકે ધ્વજારોહણ બાદ સવારે 8થી રાત્રિના 8-00 વાગ્યા સુધી ઓમ નમઃ શિવાયની અખંડ ધૂન થશે. રાત્રે 9-00થી 12-00 કલાકે પંચામૃત પૂજા, રાત્રે 12-30 કલાકે ઘી ના કમળ પર મહાદેવજીના વિશેષ દર્શન તથા દિવસે ભાવિક ભક્તો દૂધ અને જલાભિષેક માટેનો ધર્મલાભ લઈ શકશે. રાત્રિની ચારેય પ્રહરની પૂજા બાદ બીજે દિવસે સોમવારે સવારે 11 થી 1 બ્રહ્મભોજન તેમજ ભક્તોને પ્રસાદનો લાભ મળશે.

## ‘સીતાનો વેશ’ નાટક સાથે ભારત રંગ મહોત્સવનું સુરતમાં સમાપન



સુરતઃ NSD દ્વારા આયોજિત વિશ્વના સૌથી મોટા આંતરરાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ, પ્રતિષ્ઠિત 25માં ભારત રંગ મહોત્સવનું સમાપન ‘સીતાનો વેશ’ નાટક સાથે થયું હતું. સમારંભનું ઉદ્ઘાટન મુખ્ય મહેમાન પ્રોફેસર મહેશ ચંપકલાલ, સંગીત નાટક અકાદમી પુરસ્કાર વિજેતા દ્વારા કરવામાં આવ્યું હતું. નર્મદ યુનિ.ના કુલપતિ પ્રોફેસર કિશોરસિંહ ચાવડા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન જીવનભારતી મંડળ સુરતના પ્રમુખ ભરતભાઈ શાહ દ્વારા આપવામાં આવ્યું હતું. સુરત BRMના સંયોજક ડો. ચૌહાણ પ્રમોદ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. નાટક ‘સીતાનો વેશ’, જે ઉત્તરરામચરિત દ્વારા પ્રેરિત હતું, તે ડો. ચૌહાણ પ્રમોદ આર. ના દિગ્દર્શન અને લેખિત ‘મહાકવિ ભવભૂતિ’ હેઠળ રજૂ કરવામાં આવ્યું હતું.

## સુરત ક્રિકેટ લીગ- ભાગ લેવો છે?

સુરતઃ સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના નેજા હેઠળ તેમજ ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના માર્ગદર્શન હેઠળ સુરત ક્રિકેટ લીગ સિઝન 6 નું આયોજન સુરતના લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ પર માર્ચના બીજા અઠવાડિયામાં કરવામાં આવ્યું છે. સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના રજિસ્ટર્ડ ખેલાડીઓ આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકશે. રસ ધરાવનાર ખેલાડીઓએ તારીખ 15 2 2026 સુધીમાં એસ ડી સી એ ઓફિસમાં જરૂરી ફી ભરીને તેમના ફોર્મ જમા કરાવવા. એમ ક્રિકેટ સેક્રેટરી ડો.નૈમેશ દેસાઈએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## દ.ગુ. ચર્ચાપત્રી સંઘ શ્રેષ્ઠ ચર્ચાપત્રીઓનું સન્માન કરાશે

સુરતઃ દક્ષિણ ગુજરાત ચર્ચાપત્રી સંઘ પ્રતિવર્ષ શ્રેષ્ઠ ચર્ચાપત્રીઓનું સન્માન કરે છે. આ ઉપક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૫ના શ્રેષ્ઠ ચર્ચાપત્રીઓને સન્માનવાનો કાર્યક્રમ તા.૧૪ ફેબ્રુઆરી, શનિવારે સાંજે ૫.૦૦ કલાકે યોજાશે. જાણીતા સાહિત્યકાર રમેશ પટેલ તથા પત્રકાર વિજય જોશીની વિશેષ ઉપસ્થિતમાં આ કાર્યક્રમ જીવન વિકાસ ટ્રસ્ટ, ગુજરાત ગેસ કું. ની બાજુની ગલીમાં, કલાપી બાગ સામે, અડાજણ ગામ, સુરત ખાતે યોજાશે. જેમાં રસિક શ્રોતાઓને કાર્યક્રમ માણવા માટે જણાવાયું છે.

## શ્રી સુ. મો. વ. અડાજણ રાંદેર રોડ યુવકમંડળ દ્વારા મહાશિવરાત્રિએ રક્તદાન શિબિર યોજાશે

સુરતઃ અનેકવિધ માનવીય સેવાઓ સાથે સંકળાયેલા સુ મો વ અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા તા. 15 /2 /26ના મહાશિવરાત્રીના દિવસે અટલ આશ્રમના અટલગીરી બાપુના સહયોગથી અટલ આશ્રમ, પારદર્શેશ્વર મહાદેવ મંદિર, રાજહંસ થિયેટર સામે, અડાજણ પાલ ખાતે શિવરાત્રીના દિવસે સાંજે છ થી નવ કલાક માટે એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક રક્તદાતાઓને પ્રોત્સાહન રૂપે ઉપયોગી કિંમતી ભેટ આપવાની જાહેરાત યુવક મંડળના પ્રમુખ હરીશ પીપવાળાએ કરી છે.

## આ.ભ.રાજરત્નસૂરિશ્વરજી મ.સા. દ્વારા આ વખતે પ્રથમવાર સુરતમાં ચાતુર્માસ કરાશે



સુરતઃ સુરતમાં માસશ્રમણ માટે આ.ભ. રાજરત્ન સૂરીશ્વરજી મ.સા. આદિ સંયમીવૃંદ દ્વારા સુરતના ચાર સંઘ માટે ચાતુર્માસની ઘોષણા કરવામાં આવી હતી. આ.ભ. રાજસત્નસૂરિજી દ્વારા 48 વર્ષના સંયમ પર્યાય દરમિયાન પ્રથમવાર સુરતમાં ચાતુર્માસની વિચારણા કરવામાં આવી હતી. જેને સંઘો દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. ચાતુર્માસના સ્થળોમાં અઠવા લાઇન્સ જૈન સંઘ- આ.ભ.રાજરત્ન સૂરીશ્વરજી મ.સા., ઓમકાર સૂરી આરાધના ભવન સંઘ,વેસુ-આ.ભ. રશ્મિરત્ન સૂરીશ્વરજી મ.સા., ઓમકાર સૂરી આરાધના ભવન,પાલ - આ.ભ.હિતરત્ન સૂરીશ્વરજી મ.સા તેમજ ઘોડ દોડ રોડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, સરેલાવાડી- આ.ભ. અક્ષયરત્ન સૂરીશ્વરજી મ.સાનો સમાવેશ થાય છે.